**ક્રિમીનલ કેસ નં.          /**

**-:: આંક-૧ લગત હુકમ ::-**

(૧) હાલના કેસમાં આરોપી/ઓ સમન્સ ટ્રાયેબલ શીક્ષાપાત્ર ગુના અંગેનુ ચાર્જશીટ કોર્ટમાં દાખલ થયેલ છે

(૨) સદર કેસનુ રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. આ કેસમાં આરોપીને હાજર રખાવવા ઘણા લાંબા સયમથી આરોપી સામે અવારનવાર સમન્સ/વોરન્ટ કોર્ટ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. આરોપી સામે નિયમીત સમન્સ/વોરન્ટ ઈસ્યુ થયેલ હોવા છતાં ફરીયાદ પક્ષ આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ હોવાનુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. સદર કેસમાં ગુનાનો પ્રકાર જોતાં હાલનો ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે અને કેસ પણ ઘણો જુનો છે. આ કામનુ રેકર્ડ અને સંજોગો ધ્યાને લેતાં નામ. સુપ્રીમકોર્ટના પી. રામચન્દ્ર રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક, જી.એલ.આર. ૨૦૦૨(૨), પાના નં.૧૫૪૯ માં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમાં ઝડપી ટ્રાયલ માટે સી.આર.પી.સી.ની કલમ-૨૫૮ નો ઉપયોગ કરવા જણાવેલ છે. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટના પત્ર જા.નં. ૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧/૦૬ માં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે અદાલત સમક્ષ આરોપીઓને હાજર રખાવવા બાબતે અદાલતોએ પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી.ની કલમ-૨૫૮ અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરી કેસોનો નિકાલ કરવા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના જી.એસ.એલ.એસ.એ.ના પત્રમાં પણ નીચલી કોર્ટોને તા.૬/૧૨/૧૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં આ પ્રકારના જુના કેસોનો નિકાલ કરવા માટે સી.આર.પી.સી.ની કલમ-૨૫૮ માં સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી આ પ્રકારની ફાઈલનો નિકાલ કરવા સુચના આપવામાં આવેલ છે.

(૩) આમ, હાલના કેસનુ રેકર્ડ જોતાં હાલનો કેસ ઘણો જુનો હોઈ તેમજ સુપ્રીમકોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં. ડી.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧/૦૬ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના જી.એસ.એલ.એસ.એ.ના પત્ર નં. જી.એસ.એલ.એસ.એ./૧૮૭૦/૨૦૧૪, તા.૨૮/૮/૧૪ ધ્યાને લેતાં હાલનો ગુનો સમન્સ ટ્રાયેબલ હોઈ તેમજ આરોપીને અવારનવાર નિયમીત રીતે સમન્સ/વોરન્ટ ઈસ્યુ કરતા આરોપીને

સમન્સ/વોરન્ટની બજવણી થતી નથી. આરોપીને અવારનવાર પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે છતા ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવી શકતા નથી અને કેસની કાર્યવાહી આગળ થઈ શકતી નથી તેમજ કોર્ટના કિંમતી સમયનો બગાડ થાય છે અને આ પ્રકારના ડેડલોક કેસોનુ ભારણ કોર્ટમાં વધતુ જાય છે તેવા સંજોગોમાં હાલનો કેસ આગળ ચલાવવાનુ ઈષ્ટ જણાતુ નથી તેમજ કાયદાની ઉપરોકત પરિસ્થિતીના પ્રકાશમાં આ કેસના સંજોગો જોતાં પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ હોઈ અને તેથી હવે પોલીસ તંત્રને આ સંજોગોમાં વધુ સમય આપવો ઉચિત જણાતુ નથી આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ હેઠળ મળેલ સત્તાની રૂઈએ આ કેસના પ્રોસીડીંગ્સ સ્ટોપ કરવાનો આદેશ કરવામાં આવે છે તથા આરોપીને શીક્ષાપાત્ર ગુનાના કામમાંથી બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન ખત તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૩) સદર કેસમાં જો કોઈ મુદ્દામાલ હોય તો તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો / કિંમતી મુદ્દામાલ સરકાર ખાતે જમા કરવો.

હુકમ આજ રોજ તારીખ ૧૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તારીખ: ૧૧/૧૨/૨૦૨૧

( **પી.એન.જૈન** )
ત્રીજા જયુડી.મેજી.ફ.ક.
રાજકોટ